# મુંબઈમાં 'પોસ્ટર વોર'

## ભાજપે ઠાકરે જૂથને હોર્ડિંગ્સ સાથે જવાબ આપ્યો - 'મરાઠી જીત્યા, મુંબઈકર જીત્યા, મહારાષ્ટ્ર જીત્યું

મુંબઈ : બીએમસી ચૂંટણી બાદ મુંબઈના રસ્તાઓ પર પોસ્ટર વોર જોવા મળી રહ્યું છે. શિવસેના-યુબીટી પછી હવે ભાજપે હોર્ડિંગ્સ લગાવ્યા છે. મુંબઈના મુખ્ય રસ્તાઓ અને વિસ્તારોમાં ભાજપ દ્વારા લગાવવામાં આવેલા નવા હોર્ડિંગ્સે રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. આ પોસ્ટરો દ્વારા ભાજપે ઠાકરે બંધુઓની પરંપરાગત વોટ બૅન્ક પર સીધો પ્રહાર કર્યો છે.

ભાજપ દ્વારા લગાવવામાં આવેલા આ હોર્ડિંગ્સ પર લખ્યું છે, ''મરાઠી જીત્યા, મુંબઈકર જીત્યા, મહારાષ્ટ્ર જીત્યું. હિન્દુત્વ અને વિકાસનો એજન્ડા જીત્યો. આભાર મુંબઈ!''

હકીકતમાં, મુંબઈનું રાજકારણ દાયકાઓથી મરાઠીઓની આસપાસ ફરતું રહ્યું છે, જેના પર શિવસેના-યુબીટી અને મનસે પોતાનો એકાધિકાર માને છે. તાજેતરના સમયમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે બંનેએ ભાજપ પર મરાઠી ઓળખને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે. ભાજપ દ્વારા લગાવવામાં આવેલા આ હોર્ડિંગ્સને આ નેરેટિવને તોડવા માટે ઇરાદાપૂર્વકની રણનીતિ તરીકે જોવામાં આવે છે. અગાઉ, ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાએ માતોશ્રીની બહાર એક પોસ્ટર લગાવ્યું હતું જેમાં લખ્યું હતું, ''બાપ તો બાપ હોતા હૈ.'' પોસ્ટરમાં લખ્યું છે કે, ભલે પ્રતીક ચોર્યું , પાર્ટી તૂટી, ધારાસભ્યો, સાંસદો, કાઉન્સિલરો તૂટી ગયા, શૂન્યથી શિખર સુધી ૬૫ કાઉન્સિલરો ચૂંટાયા, આ મરાઠી લોકોના વિશ્વાસને કારણે છે.

તમને જણાવી દઈએ કે BMC ચૂંટણીમાં ભાજપે એકલા હાથે ૮૯ બેઠક જીતી, જ્યારે શિંદે શિવસેનાએ ૨૯ બેઠક જીતી છે અને શિવસેના-UBT એ ૬૫ બેઠક જીતી હતી. ■

# શું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એટલા લાચાર છે કે તેઓ પ્રધાન વિરુદ્ધ કંઈ પણ બોલી શકતા નથીઃ હાઇ કોર્ટ

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે કડક શબ્દોમાં ઠપકો આપતા પૂછ્યું કે શું મહારાષ્ટ્રમાં કાયદાનું શાસન અસ્તિત્વમાં છે અને શું મુખ્ય પ્રધાન એટલા લાચાર છે કે તેઓ એવા પ્રધાન વિરુદ્ધ કંઈ કહી શકતા નથી જેનો પુત્ર ફોજદારી કેસમાં નામ આવ્યા બાદ ફરાર છે. પ્રધાનોના બાળકો ''ગુના કરે છે અને મુક્તપણે ફરે છે'' પરંતુ પોલીસ તેમને શોધી શકતી નથી, એમ ન્યાયાધીશ માધવ જામદારે કડક ટિપ્પણીમાં જણાવ્યું હતું.

કોર્ટ શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલેના પુત્ર વિકાસ ગોગાવલેની ધરપકડ પૂર્વે જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી. મહાડ મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી દરમિયાન હરીફ જૂથો વચ્ચે થયેલી હિંસક અથડામણ સંબંધિત કેસમાં વિકાસ આરોપી છે. સેશન્સ કોર્ટે વિકાસ ગોગાવલેની આગોતરા જામીન અરજી ફગાવી દીધા બાદ તેમણે હાઇ કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ તે હજુ પણ ફરાર છે. ''તેઓ તેમના માતાપિતાના સંપર્કમાં રહે છે, પરંતુ પોલીસ તેમને શોધી શકતી નથી?'' ન્યાયાધીશ માધવ જામદારે કહ્યું. ન્યાયાધીશે એમ પણ પૂછ્યું કે શું રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અને કાયદાનું શાસન પ્રવર્તે છે?

એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ જણાવ્યું હતું કે પ્રધાન ગોગાવલે તેમના પુત્ર સાથે વાત કરશે અને ખાતરી કરશે કે તે શુક્રવારે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરે.

હાઇ કોર્ટે કાલે સુનાવણી પહેલા તેને આત્મસમર્પણ કરવાનું કહેવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે અગાઉ ચેતવણી આપી હતી કે જો પોલીસ વિકાસ ગોગાવલેને પકડવામાં નિષ્ફળ જશે તો તેમને આદેશ આપવાની ફરજ પડશે. ''તમારા (પોલીસ) પર દબાણ હોઈ શકે છે, કોર્ટ પર નહીં,'' જસ્ટિસ જામદારે કહ્યું. ૨ ડિસેમ્બરના રોજ રાયગઢ જિલ્લાના મહાડ ખાતે નાગરિક ચૂંટણી દરમિયાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. (પીટીઆઈ)■

# વિશ્વસનીય વૈશ્વિક ભાગીદાર સાથે ૫૧ વર્ષની શ્રેષ્ઠતાની ઉજવણી



''શ્રી વલ્લભ મેટલ્સ સાથે કામ કરવું એ અમારા માટે અલ કર્ની Est., બહેરીનમાં ખરેખર ફળદાયી અનુભવ રહ્યો છે. વર્ષોથી તેઓ અમારા સહયોગના દરેક પાસામાં સતત વિશ્વસનીય અને વ્યાવસાયિક ભાગીદાર સાબિત થયા છે. શ્રી વલ્લભ મેટલ્સ ૫૧ વર્ષની શ્રેષ્ઠતા પૂર્ણ કરે છે, અમે સમગ્ર ટીમને અમારા નિષ્ઠાપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ. આ સીમાચિહ્ન તેમના સમર્પણ, પ્રામાણિકતા અને ગ્રાહક-પ્રથમ અભિગમને પ્રતિબિંબિત કરે છે. અમને તેમની સાથે સંકળાયેલા હોવાનો ગર્વ છે અને તેમને સતત સફળતા, વૃદ્ધિ અને વૈશ્વિક સિદ્ધિઓનાં ઘણાં વધુ વર્ષોની શુભેચ્છા પાઠવીએ છીએ.'' - સૈફી ભાઈઅલ કર્ની Est., બહેરીન.

અલ કર્ની હાઉસ હોલ્ડ W.LL. બહેરીન. સૈફી હાજી મોહમ્મદ (અલ કર્ની હાઉસ હોલ્ડ- બહેરીન) ■

# ૨૦૧૯ માં ઉદ્ધવ ફડણવીસનો વિશ્વાસઘાત કર્યો, મનસેએ તેવો વ્યવહાર કર્યોઃ ભાજપ

મુંબઈ : કલ્યાણ-ડોંબિવલી નાગરિક સંસ્થામાં મનસે દ્વારા શિંદે જૂથની શિવસેનાને સમર્થન આપવાનું જાહેર થયા બાદ, ભાજપે ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું છે. ગુરુવારે ભાજપે કહ્યું કે આ ઘટના એવી જ છે, જેવી રીતે ઉદ્ધવે ૨૦૧૯માં દેવેન્દ્ર ફડણવીસ સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

રાજ્ય ભાજપના મીડિયા ઇન્ચાર્જ નવનાથ બને દાવો કર્યો હતો કે, શિવસેના (યુબીટી) એ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને રાજકીય રીતે નુકસાન પહોંચાડ્યું છે. તેના સમર્થનમાં તેમણે નિર્દેશ કર્યો હતો કે, ૨૦૧૭ની ચૂંટણીની તુલનામાં ગઠબંધન હોવા છતાં, મુંબઈમાં રાજ ઠાકરેની પાર્ટીના કોર્પોરેટરોની સંખ્યામાં ઘટાડો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે, કલ્યાણ-ડોંબિવલીના નિર્ણયને અન્ય જગ્યાએ પણ પુનરાવર્તિત કરી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે લોકો હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન ફડણવીસને વિકાસથી ઓળખે છે.

બુધવારે કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક નવું રાજકીય સમીકરણ ઊભરી આવ્યું કારણ કે રાજ ઠાકરેની આગેવાની હેઠળના મનસેના પાંચ કોર્પોરેટરોએ ભાજપ સાથે જોડાણ ધરાવતી એકનાથ શિંદેની શિવસેનાને ટેકો આપ્યો.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીઓ સાથે મળીને લડ્યા પછી, ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન પદ મેળવવા માટે દેવેન્દ્ર ફડણવીસને દગો આપ્યો હતો, અને હવે તે વિશ્વાસઘાતનું ફળ તેમને કલ્યાણમાં મળી રહ્યું છે, એમ બને અહીં રાજ્ય ભાજપ કાર્યાલયમાં પત્રકારોને જણાવ્યું. ■

એમઆઇએમની નગરસેવિકાની ટિપ્પણી

# ભાજપે કરી પોલીસમાં લેખિત ફરિયાદ

થાણેઃ એઆઇએમઆઇએમની નવી ચૂંટાઇ આવેલી નગરસેવિકા સહર શેખ દ્વારા થાણેના મુંબ્રા વિસ્તારને 'લીલા રંગે રંગી દેવામાં આવશે' એવી 'ઉશ્કેરણીજનક' ટિપ્પણી કરવામાં આવી હતી, જેને પગલે ભાજપના પ્રતિનિધિમંડળે ગુરુવારે પોલીસને લેખિત ફરિયાદ સુપરત કરી હતી આ મામલે કાર્યવાહીની માગણી કરી હતી.

અસદુદ્દીન ઓવૈસીના નેતૃત્વ હેઠળના ઓલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઇએમઆઇએમ) દ્વારા થાણેની ચૂંટણીમાં સારો દેખાવ કર્યો હતો અને ૧૩૧ બેઠકોમાંથી પાંચ બેઠક પર વિજય મેળવીને ખાતું ખોલવામાં નિષ્ફળ ગયેલી કોંગ્રેસ અને એક બેઠક મેળવનાર શિવસેના (યુબીટી) જેવા પક્ષને પાછળ છોડી દીધા હતા.

પોતાના વિજયી ભાષણમાં સહર શેખે જણાવ્યું હતું કે 'આગામી પાંચ વર્ષમાં મુંબ્રામાં દરેક ઉમેદવાર એઆઇએમઆઇએમનો હશે. મુંબ્રાને સંપૂર્ણપણે લીલા રંગે રંગી દેવું જોઇએ.'

દરમિયાન ભાજપના પ્રતિનિધિમંડળે ગુરુવારે મુંબ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ સુપરત કરી હતી અને આ ટિપ્પણીને કારણે કોમી તંગદિલી ફેલાઇ શકે છે, એવો આરોપ કર્યો હતો. પત્રમાં જણાવાયું છે કે 'નિવેદન ઉશ્કેરણીજનક હતું. જોકે તેમાં કોઇનું નામ લેવામાં આવ્યું નથી. (પીટીઆઇ)■

# નાણાકીય સ્વતંત્રતા સતત આદતોથી શરૂ થાય છે



રોહિત મટ્ટૂ, નેશનલ હેડ-રિટેલ સેલ્સ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

નાણાકીય સ્વતંત્રતા ઘણી વખત લોકોને એક જ સાચા નિર્ણયનું પરિણામ લાગતું હોય છે. યોગ્ય સમયે કરેલું રોકાણ, બજાર અંગેનો કોઈ મોટો અને હિંમતભર્યો નિર્ણય, અથવા એક એવી તક જે જીવન બદલી નાખે. પરંતુ હકીકતમાં, લાંબા સમય સુધી ટકતી નાણાકીય સ્વતંત્રતા અચાનક અને નાટકીય પળોમાં મળતી નથી. તે શાંતિથી, સમય સાથે, શિસ્ત અને સ્પષ્ટ ઉદ્દેશ સાથે વારંવાર અપનાવવામાં આવતી આદતો દ્વારા બને છે. ભારતની લોકશાહી યાત્રા તેનું સારું ઉદાહરણ છે. દેશની તાકાત કોઈ એક ઐતિહાસિક દિવસથી નહીં, પરંતુ વર્ષો સુધીની સતત ભાગીદારી, ધીમી પરંતુ સ્થિર પ્રગતિ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતા દ્વારા ઊભી થઈ છે. એ જ રીતે, વ્યક્તિગત નાણાકીય સુરક્ષા પણ એકાદ નિર્ણયથી નહીં, પરંતુ વર્ષો સુધી ચાલતી રોજિંદી ક્રિયાઓથી બને છે. સાચો પડકાર એ છે કે લાંબા સમય સુધી ટકી શકે એવી રોકાણ પ્રક્રિયા બનાવવી.

★ **એક વખતના નાણાકીય નિર્ણયનો ભ્રમ:** જો યોગ્ય માળખું ન હોય, તો સારા નિર્ણય પણ મોટા પરિણામ આપી શકતા નથી. સમય જતાં, સતત પુનરાવર્તન અને સ્થિરતા ન હોવાને કારણે, આવા એક વખતના પ્રયાસોના ફાયદા ધીમે ધીમે ઓછા થઈ જાય છે.

★ **સમય પસંદગી કરતાં સતત રોકાણ કેમ વધુ મહત્ત્વનું છેઃ** સતત રોકાણ કરવાથી ધ્યાન બજારની આગાહી કરતા તેમાં ભાગ લેવા તરફ વળે છે. નિયમિત રીતે રોકાણ કરવાથી રોકાણકારો બજારના અલગ અલગ તબક્કાઓમાં જોડાયેલા રહે છે. અહીં સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન, એટલે કે એસઆઈપી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એસઆઈપી દ્વારા રોકાણકારો બજારની સ્થિતિ ગમે તેવી હોય, નક્કી કરેલા અંતરે નાની રકમનું રોકાણ કરે છે.

★ **સરળ નાણાકીય આદતોની વ્યવસ્થા બનાવવીઃ** એસઆઈપીને ઓટોમેટિક બનાવવાથી લાગણીઓ અને સમય પસંદગીની ચિંતા દૂર થાય છે. મહિના દરમિયાન મળતી આવક સાથે રોકાણને જોડવાથી સાતત્યતા રાખવી સરળ બને છે. નાની રકમથી શરૂ કરવાથી રોકાણકારોને આરામ અને શિસ્ત બંને મળે છે, અને આવક વધે તેમ રોકાણની રકમ વધારવાની ફ્લેક્સિબિલિટી પણ રહે છે.

★ **બજારના ઉતાર-ચઢાવ દરમિયાન સતત ટકી રહેવુંઃ** નાણાકીય આદતો જાળવવી હંમેશાં સરળ નથી. આવકમાં ફેરફાર, બજારની અસ્થિરતા અને જીવનની અન્ય જવાબદારીઓ સારી રીતે બનાવેલી યોજનાઓને પણ અસર કરી શકે છે. તેમ છતાં, શિસ્તબદ્ધ માળખામાં થોડી ફ્લેક્સિબિલિટી રાખવાથી રોકાણકારો પોતાની લાંબા ગાળાની દિશા છોડ્યા વગર પરિસ્થિતિ પ્રમાણે ઢળી શકે છે.

★ **નિષ્કર્ષઃ** ભારતની પ્રગતિ કોઈ એક નિર્ણાયક ક્ષણથી નહીં, પરંતુ વર્ષો સુધીના સતત પ્રયાસોથી બની છે. નાણાકીય સ્વતંત્રતાનો માર્ગ પણ એવો જ છે. તે ધીરજ અને શિસ્ત સાથે વારંવાર લેવાતા પગલાંઓથી બને છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.


Shri Mahavira Jaina Vidyalaya

SMJV Rising : 111 years and Beyond...

LEARN, EARN AND RETURN

THE INVITE

Honorable Dignitaries:

We humbly invite all Jain Samaj Donors and Shrestrivaryas to join us in celebrating the spirit of selfless giving. Please grace us with your presence at our Felicitation Ceremony & Presentation of Future Growth Plans.

DATE: Saturday, 24 January 2026 | TIME: Time: 10:30 am onwards | VENUE: SVKM, Babubhai Jagjivandas Hall, Suvarna Nagar, Vile Parle West, Mumbai, 56 (Valet parking available)

Serving Jain Youth Across India with Education, Accommodation, and Values Since 1915.

111 Year's of Legacy and Services | 2300+ Resident's Every Academic Year | 8 Jinalaya's Across Branches | 30,000+ Student's Nurtured Since 1915 | 12 Hostel's Across India

OUR UPCOMING BRANCH PROJECTS IN FULL SWING

We are proud to announce major hostel redevelopment and expansion projects across India, investing over INR 380 Crores to enhance student living:

| Project Location | Capacity | Project Cost |
|---|---|---|
| Andheri (Redevelopment) | 625 Students | INR 200 Cr. |
| Pune (Girls Hostel) | 300 Students | INR 50 Cr. |
| Paldi, Ahmedabad (Boys) | New Facility | INR 50 Cr. |
| Surat (Boys Hostel) | 160 Students | INR 50 Cr. |
| Chandkheda, Ahmedabad | New Facility | INR 30 Cr. |



Pune Girls' Hostel



Andheri Hostel



Surat Boys' Hostel

Modern Infrastructure & Student Facilities:

Jinalaya & Pathshala | Auditorium & Library | Dining Hall & Prayer Hall

Indoor Sports Room & Gymnasium Volleyball & Badminton Courts

Laundry, Water Coolers, Lift | 24x7 CCTV Surveillance & Security | Wi-Fi & Fire Safety Systems

WITH LOVE & RESPECT - SMJV PARIVAR

www.smjv.org


# બીડમાં ગોળીબાર

બીડઃ બીડ જિલ્લાના અંબાજોગાઇ તાલુકામાં સૈગાંવ ખાતે ગેરકાયદે પિસ્તોલમાંથી યુવકે હવામાં ગોળીબાર કર્યો હતો, જેને કારણે રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી યુવકની ધરપકડ કરી હતી.

યુવકની ઓળખ સૈયદ અહમદઅલી મુબસ્સીરઅલી હાશમી તરીકે થઇ હોઇ તેણે મંગળવારે મધરાતે બે વાગ્યાની આસપાસ હવામાં ગોળીબાર કર્યો હતો. ગોળીબારને કારણે ગભરાયેલા રહેવાસીઓએ પોલીસને તેની જાણ કરી હતી.હાશમી પાસેથી વિદેશી બનાવટની બે પિસ્તોલ અને ત્રણ જીવંત કારતૂસ જપ્ત કરવામાં આવ્યા બાદ તેની ધરપકડ કરાઇ હતી. (પીટીઆઇ)■



**જન્મ શતાબ્દી નિમિત્તે અંજલીઃ** બાળ ઠાકરેની જન્મ શતાબ્દી નિમિત્તે ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા પેઈન્ટિંગ્સ દ્વારા તેમને અંજલી આપવામાં આવી હતી. (અમય ખરાડે)

# મલાડમાં ગલૂડિયા સાથે કુકર્મ

મુંબઈઃ મલાડમાં વિકૃતિની હદ સમાન ઘટનામાં ૨૦ વર્ષના યુવકે જાહેર શૌચાલયમાં બે મહિનાના ગલૂડિયા સાથે કથિત કુકર્મ આચરી તેને ગંભીર ઇજા પહોંચી હતી.

કુરાર વિલેજ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારની સાંજે મલાડ પૂર્વના જાહેર શૌચાલયમાં બની હતી. આરોપી વિકાસ બેસકર પાસવાનને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

યુવક ગલૂડિયાને લઈ શૌચાલયમાં ગયો હતો. ગલૂડિયાને ફટકાર્યા પછી તેની સાથે કથિત કુકર્મ આચર્યું હતું. શૌચાલયમાં ગયેલા એક શખસને શંકા જતાં તેણે પ્રાણીપ્રેમીને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં કુરાર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ભેગા થયેલા લોકોના ટોળાને જોઈ ગલૂડિયાને છોડીને આરોપી શૌચાલયમાં ભરાઈ ગયો હતો. પોલીસે બળપ્રયોગ કરી દરવાજો ખોલાવ્યો હતો અને યુવકને તાબામાં લીધો હતો, જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

આ ઘટનામાં ગલૂડિયાને ગંભીર ઇજા થઈ હોવાથી સારવાર માટે તેને પ્રાણીઓની હૉસ્પિટલમાં લઈ જવાયું હતું. પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૫ અને પ્રિવેન્શન ઑફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઇ)■

# પનવેલના પ્રૌઢે શૅર ટ્રેડિંગ ફ્રોડમાં ૭૪.૬૭ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ પનવેલના ૫૯ વર્ષના પ્રૌઢને શૅર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૭૪.૬૭ લાખ રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવ્યો હતો.

પનવેલમાં રહેતા ફરિયાદીનો આરોપીઓએ સંપર્ક સાધ્યો હતો અને શૅર ટ્રેડિંગમાં રોકાણ કરવા માટે સમજાવ્યો હતો. ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરવા માટે શરૂઆતમાં તેના બૅંક અકાઉન્ટમાં નાનો નફો જમા કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આરોપીઓએ નકલી ટ્રેડિંગ ઇન્ટરફેસ પર વધારે પડતું વળતર બતાવીને મોટી રકમનું રોકાણ કરવા માટે કહ્યું હતું અને બૅંક અકાઉન્ટ નંબર આપીને પૈસા ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. ફરિયાદીએ ૨૮ નવેમ્બર, ૨૦૨૫થી ૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન આરોપીઓએ જણાવેલા બૅંક અકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

જોકે ફરિયાદીને ન તો કોઇ વળતર મળ્યું હતું અને ન તો તેણે રોકેલા રૂપિયા પાછા મળ્યા હતા, એમ સાયબર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાવવામાં આવેલી ફરિયાદને આધારે સાયબર પોલીસે મંગળવારે પાંચ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■


૧૮મી પુણ્યતિથી



અ.સૌ. લલિતાબેન રમેશચંદ્ર મણિઆર

સ્વર્ગવાસઃ તા.૨૩.૦૧.૨૦૦૮

અઢાર વર્ષ વીતી ગયા,
પણ દષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો,
અંતરમાં હજુએ પડઘાય છે તમારી સ્મૃતિનાં ધબકારા,
વ્યવહારમાં સચવાય છે તમારા સંસ્કારનાં રણકાર,
સ્મૃતિમાં હજુએ સંભળાય છે તમારી યાદોના ભણકારા.

નરેશ - પલ્લવી, અશોક - રક્ષા, વિજય - બિના, સુનિલ - વિભા તથા સ્વ. શ્રી રમેશચંદ્ર લધુરામ મણિઆર પરિવાર


# દિલ્હી બૉમ્બ બ્લાસ્ટ કેસમાં 'ડિજિટલ અરેસ્ટ': સિનિયર સિટીઝન સાથે ૧૬ લાખની છેતરપિંડી

મુંબઈઃ દિલ્હી બૉમ્બ બ્લાસ્ટ કેસમાં નામ સામે આવ્યું હોવાથી પૂછપરછ માટે 'ડિજિટલ અરેસ્ટ' કરવામાં આવી હોવાનો ભય દેખાડીને એટીએસ અને એનઆઈએના અધિકારીના સ્વાંગમાં સાયબર ઠગે ૭૫ વર્ષના પાલિકાના નિવૃત્ત અધિકારી પાસેથી ૧૬.૫ લાખ રૂપિયા પડાવ્યા હતા.

અંધેરીમાં રહેતા ફરિયાદીએ આ પ્રકરણે વેસ્ટ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગયા વર્ષની ૧૦ નવેમ્બરે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા નજીક વિસ્ફોટક ભરેલા વાહનમાં ધડાકો થયો હતો, જેમાં ૧૨ જણે જીવ ગુમાવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ મુંબઈ મહાનગરપાલિકામાંથી નિવૃત્ત થયેલા અધિકારીને ૧૧ ડિસેમ્બરે અજાણ્યા શખસે કૉલ કર્યો હતો. ફોન કરનારી વ્યક્તિએ પોતાની ઓળખ દિલ્હીના એન્ટિ-ટેરરિઝમ ડિપાર્ટમેન્ટના અધિકારી તરીકે આપી હતી. દિલ્હી બ્લાસ્ટ કેસની તપાસમાં ફરિયાદીનું નામ સામે આવ્યું હોવાથી તેની ખાનગીમાં પૂછપરછ કરવાની હોવાની ધમકી શખસે આપી હતી. કૉલ કરનારી વ્યક્તિએ પછી ફરિયાદીને સિગ્નલ ઍપ્લિકેશન ડાઉનલૉડ કરવાની સૂચના આપી હતી, જેના મારફત ફરિયાદીને વીડિયો કૉલ કરવામાં આવ્યો હતો. બાદમાં નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના અધિકારી સદાનંદ દાતેના સ્વાંગમાં સાયબર ઠગે ફરિયાદી સાથે વાત કરી હતી.

આરોપીએ ફરિયાદીને કહ્યું હતું કે તેના મોબાઈલ નંબર સાથે લિંક કરાયેલા એક બૅન્ક ખાતામાં સાત કરોડ રૂપિયા જમા થયા હતા. ■




વધારે વજન

➢ અથાગ પ્રયત્નો છતાં ઉતરતું નથી
➢ ડાયાબિટીસ કંટ્રોલમાં નથી રહેતો
➢ થોડું ચાલતા થાક લાગે છે, હાંફી જવાય છે
➢ ઘૂંટણ-એડી ના દુ:ખાવા થાય છે

આ બધી તકલીફોના નિરાકરણ માટે સફળ રસ્તો છે **વેઈટ લોસ (બેરીયાટ્રીક) સર્જરી**




ફ્રી* બેરીયાટ્રીક સર્જરી કન્સલ્ટેશન

24 જાન્યુઆરી, 2026 શનિવાર

:: ફ્રી કન્સલ્ટેશનમાં આપ નીચે મુજબની માહિતી મેળવી શકશો ::

♦ મારું વજન કેટલું વધારે છે, શું હું બેરીયાટ્રીક સર્જરી કરાવી શકું? ♦ સર્જરી પછી જમવામાં કોઈ તકલીફ પડશે?
♦ સર્જરી પછી મારુ કેટલું વજન ઉતરશે? ♦ બેરીયાટ્રીક સર્જરી પછી મારુ જીવન કેવું હશે?
♦ બેરીયાટ્રીક સર્જરી માં મારે હોસ્પિટલ માં કેટલું રહેવું પડશે? ♦ શું મારા મેડીક્લેઈ ઈન્સ્યોરન્સમાં આ સર્જરી થઈ શકશે?

NIRMAN HITECH DIAGNOSTIC CENTRE State of the Art Diagnostic Centre

નિર્માણ હાઇટેક ડાયગ્નોસ્ટિક સેન્ટર, લિંક રોડ સિગ્નલ, હ્યુન્ડાઇ શોરૂમની બાજુમાં, 8 કેસર આશિષ બિલ્ડિંગ, ન્યૂ લિંક રોડ, મહાવીર નગર પાસે, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ.

સમય : બપોરે 01 : 00 થી સાંજે 05 : 00

વેઈટ લોસ (બેરીયાટ્રીક) સર્જરી માટે નોબેસિટી જ કેમ?

✓ એક દિવસમાં 30 સફળ બેરીયાટ્રીક સર્જરી કરવાનો રેકોર્ડ
✓ શ્રેષ્ઠ બેરીયાટ્રીક સર્જનની ટીમ ✓ 9000 થી વધુ લોકોની સફળ સર્જરી
✓ સર્જરી બાદ આજીવન ફ્રી કન્સલ્ટેશન ✓ વહેલું ડિસ્ચાર્જ અને ઝડપી રીકવરી
✓ સર્જરી બાદ સાયકોલોજીસ્ટ, ડાયેટીશ્યન અને ફિઝિયોથેરાપીસ્ટનો સપોર્ટ

**વધતો જતો વિશ્વાસ :** ડિસેમ્બર 2025 માં **100થી વધુ લોકો**એ **'નોબેસિટી'** પર ભરોસો મૂકી **બેરીયાટ્રીક સર્જરી** દ્વારા નવા જીવનની શરૂઆત કરી.

**વેઈટ લોસ (બેરીયાટ્રીક) સર્જરી** હવે **કેશલેસ-મેડિક્લેઈમ**માં પણ ઉપલબ્ધ છે.

Your journey towards Healthy Life

NOBESITY+ Bariatrics & Fitness Hospitals

Youtube Channel

એપોઇન્ટમેન્ટ માટે : 89999 49999

E-Visiting Card

